For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સુરતમાં મતદાતા જાગૃતિ માટે શાળાઓમાં રંગોળી સ્પર્ધા યોજાઈ

■ સુરત: સુરત જિલ્લામાં ચૂંટણી પ્રચાર-પ્રસાર અને મતદાતા જાગૃતિ વધારવાના હેતુસર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા તમામ શાળાઓમાં રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ "મતદાન કરવું એ ફરજ છે" અને "જાગૃત મતદાર - મજબૂત લોકશાહી" જેવા સંદેશાઓ સાથે આકર્ષક રંગોળીઓ તૈયાર કરી હતી. કલેક્ટર કચેરી અને જિલ્લા પંચાયત સહિત વિવિધ સ્થળોએ ૧૦ x ૧૫ ફૂટના વિશાળ રંગોળી ચિત્રો બનાવવામાં આવ્યા હતા, જેમાં હિલ્સ હાઈસ્કૂલ, દી માંડવી સ્કૂલ અને સંસ્કાર ભારતી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

હવે મનપાને જ્ઞાન લાધ્યું, ખજોદ સાઈટ પર ધુમાડો ડામવા આયોજનો કરશે

સાઇટ પર જ 5 લાખ લિટર પાણી મળી શકે તેવી વ્યવસ્થા ઊભી કરાઇ

18 સીસીટીવી કેમેરાનું ઈન્સ્ટોલેશન શરૂ

સુરત: સુરત મહાનગરપાલિકાના વહીવટી તંત્ર માટે માથાનો દુ:ખાવો બનેલી ખજોદ ડમ્પિંગ સાઈટ પર આગની ઘટનાઓ રોકવા માટે હવે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. અઢી મહિનામાં જ બીજી વખત સર્જાયેલા ભીષણ અગ્નિકાંડ બાદ જાગેલા તંત્રએ આજથી સમગ્ર સાઈટ પર 18 જેટલા હાઈ-ડેફિનેશન સીસીટીવી કેમેરા લગાવવાની કામગીરી શરૂ કરી દીધી છે. આ ઉપરાંત, સાઈટ પર હાલમાં સતત નીકળતા ધુમાડાને ડામવા માટે 15 જેટલા પોકલેન મશીનો દ્વારા માટી નાખવાની પ્રક્રિયા ચાલુ છે. તંત્ર દ્વારા માત્ર દેખરેખ જ નહીં, પરંતુ ડ્રોન સર્વેલન્સ દ્વારા પણ સમગ્ર વિસ્તાર પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે જેથી કોઈ પણ શંકાસ્પદ હિલચાલ કે ધુમાડાની ત્વરિત જાણ થઈ શકે. હાલમાં ધુમાડાની સમસ્યાના કાયમી ઉકેલ માટે માટીના સ્તરની સાથે-સાથે ખાસ કેમિકલ સોલ્યુશનનો પ્રયોગ પણ વિચારાધીન છે, જે આસપાસના રહીશોને સ્મોકની સમસ્યામાંથી મુક્તિ અપાવવામાં મદદરૂપ થશે.

સુરત: ખજોદની ડમ્પિંગ સાઈટ પર આગ લાગવાની ઘટના નવી નથી. અનેક વખત આગ લાગી ચૂકી છે પરંતુ મનપાને આ આગ પર કાબુ માટે હવે બુદ્ધિ આવી છે. 24 માર્ચે ખજોદ ડમ્પિંગ સાઇટ પર લાગેલી આગના ધૂમાડાઠ એપ્રિલ સુધી જોવા મળ્યા હતાં. જેના મુખ્ય કારણોમાં સપાટી નીચેની અધૂરી જ્વલન પ્રક્રિયા, મિથેન ગેસનું સતત ઉત્સર્જન અને પવનની અસર હોવાનું સામે આવ્યું હોવાનુ મનપા દ્વારા જણાવાયું હતું. આ ધુમાડા પર કાયમી અંકુશ મેળવવા માટે તા. તા. 8 મી એપ્રિલે મળેલી બેઠકમાં નિષ્ણાંતો દ્વારા બાયોકલ્ચરનો ઉપયોગ કરવાનું સૂચન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત અમદાવાદના એક્સપર્ટ દ્વારા તૈયાર કરાયેલ રેનેઝાઈમનામના બાયો-એન્ઝાઈમનો ઉપયોગ કરી મિથેન ગેસને બ્રેક કરી આગ અને ધુમાડાને નિયંત્રિત કરવા માટે આજે સફળતાપૂર્વક ડેમો કરવામાં આવ્યો હતો. આ બાયો-એન્ઝાઈમ અને ફાયર ફાઈટિંગ ફોર્મનો ડ્રોનના માધ્યમથી છંટકાવ કરવાની શક્યતા પણ ચકાસવામાં આવી રહી છે. આ ઉપરાંત, ભવિષ્યમાં આગની

...અનુસંધાન પાના 5 પર

વરિયાવમાં ટ્રકની અડફેટે SPBના વિદ્યાર્થીનું મોત

વરિયાવના કોળીવાડનો સચિત પરીક્ષા આપીને ઘરે જતો હતો

સુરત: અઠવાલાઇન્સ ખાતે આવેલ SPB કોલેજમાં પરીક્ષા આપીને ઘરે જતી વખતે વરિયાવમાં ટ્રક ચાલકે અડફેટે લેતા વિદ્યાર્થીનું મોત નિપજ્યું હતું.

મળેલી માહિતી મુજબ, વરિયાવગામના કોળીવાડમાં વિજયભાઈ પટેલ પત્ની, તેમજ બે સંતાન સાથે રહે છે. વિજયભાઈ ખેતીકામ કરે છે. તેમના સંતાન પૈકી 17 વર્ષીય પુત્ર સચિત અઠવાલાઇન્સ વિસ્તારમાં આવેલ SPB કોલેજના F.YBcomમાં અભ્યાસ કરતો હતો. આજે સવારે તે કોલેજમાં પરીક્ષા આપવા માટે આવ્યો હતો. પરીક્ષા આપીને તે મોપેડ પર ઘરે જવા માટે નિકળ્યો હતો. ત્યારે વરિયાવ હિતેષભાઈ ભટ્ટાવાળાની સામે જાહેર રોડ પર ટ્રક ચાલકે સચિતની મોપેડને અડફેટે લીધી હતી. અકસ્માતને પગલે ગામના લોકો દોડી આવ્યા હતા અને સચિતને કારમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત થયું હતું. બનાવને પગલે જહાંગીરપુરા પોલીસે CCTV ફૂટેજની મદદથી વધુ તપાસ હાથ ધરી છે.

નેતાઓ ! આ ધોળા હાથી જેવા પ્રોજેક્ટ અંગે પણ મતદારોને જણાવજો

CCTV પ્રોજેક્ટમાં મનપાના 50 કરોડ હોમાયા પણ ન ગંદકી દૂર થઈ, ન દબાણો

કરોડોના આંધણ બાદ પણ સીસીટીવી કેમેરાથી રોજના સરેરાશ રોકડા 20 જ દંડાયા!

પહેલેથી જ પોલીસના સેંકડો કેમેરા હોવા છતાં મનપાની અલગ સિસ્ટમના હેતુ સામે જ પ્રશ્ન

સીસીટીવી પ્રોજેક્ટમાં થયેલો ખર્ચ

વિગત	ખર્ચ
મનપાની મિલકતોમાં સીસીટીવી કેમેરા	14 કરોડ
સેફ સિટી પ્રોજેક્ટમાં યોગદાન	2 કરોડ
મુખ્ય માર્ગો પર સીસીટીવી કેમેરા	25 કરોડ
ICCC ખાતે વિડીયો વોલ	2.5 કરોડ
અન્ય ખર્ચ	7 કરોડ

સુરત: 10 હજાર કરોડથી વધુનું સુરત મહાપાલિકાનું બજેટ છે અને આ બજેટના આધારે કરોડો રૂપિયાના પ્રોજેક્ટ સુરત મહાપાલિકા દ્વારા કરવામાં આવે છે પરંતુઆ

...અનુસંધાન પાના 5 પર

મતદારો મત માંગવા આવતા ભાવિ કોર્પોરેટરોને આ પ્રશ્નો પૂછે

સીસીટીવી કેમેરાના પ્રોજેક્ટ માટે જે તે સમયે ગંદકી દૂર કરવી, દબાણો હટાવવા, ખાડાઓ પુરવાથી માંડીને રસ્તાની જાળવણી કરવી અને ગંદકી કરતી વ્યક્તિને દંડ કરવો જેવા હેતુ બતાવવામાં આવ્યા હતા પરંતુ આ પૈકી એકપણ હેતુ સિદ્ધ થયો નથી ત્યારે મતદારોએ આ પ્રશ્નો મત માંગવા માટે આવતા ભાવિ કોર્પોરેટરોને પુછવા જોઈએ.

■ **ગંદકી દૂર કરવી:** સીસીટીવી કેમેરા લગાડવા છતાં પણ સુરતમાં આજે ઠેરઠેર ગંદકી જોવા મળે છે. કાગળ પર સ્વચ્છતામાં નં.1 લઈ આવ્યા પરંતુ હકીકતમાં એકપણ સુરતીને શહેરમાં ફરતા એવું લાગતું નથી કે સુરત સ્વચ્છતામાં નં.1 છે. શહેરના અનેક વિસ્તારો એવા છે કે જ્યાં કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે. ઘણી વખત તો જે ગાડીમાં કચરો લઈ જવાનો હોય તે ગાડી દ્વારા જ કચરો ફેંકીને રસ્તાઓ ગંદા કરવામાં આવે છે

...અનુસંધાન પાના 5 પર

ગંદકી બદલ કયા વર્ષમાં કેટલો દંડાયો ?

વર્ષ	વ્યક્તિ
2023	955
2024	8650
2025	6507
2026 (માર્ચ સુધી)	2304

આઈકોનિકના નામે પ્રોજેક્ટ બતાવતા કોર્પોરેટર પાસે મતદારોએ મતનો હિસાબ માંગવાનો આ સમય છે

સુરત મહાપાલિકાએ અનેક પ્રોજેક્ટોના નામે કરોડો રૂપિયાનો ખર્ચ કરી નાખ્યો પરંતુ હાલમાં આ પ્રોજેક્ટોની હાલત મૃતપ્રાય: જેવી છે. મતદારો સમજી લે કે તેઓ કરોડો રૂપિયા વેરા પેટે આપે છે ત્યારે આઈકોનિકના નામે માત્ર રસ્તા, પાણી કે બ્રિજના પ્રોજેક્ટ બતાવીને તેમને ઉલ્લું બનાવવામાં આવે તે ખોટું છે. આજ સમય છે કે જ્યારે મતદારો પોતાના મતનો હિસાબ માંગી શકશે.

કાકડ કોપર મોરખલ બોર્ડર વિસ્તારના ડુંગર ઉપર મોડી સાંજે વિકરાળ આગ

વલસાડ: નાનાપોંઢા તાલુકાના કાકડ કોપર મોરખલ બોર્ડર વિસ્તારમાં આવેલા ડુંગર વિસ્તારમાં ગુરુવારે મોડી સાંજે અચાનક વિકરાળ આગ લાગતા અફરાતફરી મચી ગઇ હતી. ઘટનાની જાણ થતાં જ વલસાડ દક્ષિણ વન વિભાગ હેઠળના નાનાપોંઢા રેન્જના અધિકારીઓ અને કર્મચારીઓ સહિત રોજમદારોની બનેલી ટીમે ગણતરીના સમયમાં પહોંચી આગની જ્વાળાઓ વચ્ચે પણ સતત જહેમત ઉઠાવતા લાંબી મહેનત બાદ આખરે આગને બુઝાવી શકાઇ હતી. પરિણામે આગ વધુ આગળ વધતી અટકાવી શકાય હતી.

પોલિએસ્ટર મધર યાર્ન અને મોનો યાર્ન પર BISના

QCO રદ કરવાના સ્ટે સામે વિવર્સ હાઈકોર્ટમાં જશે

ચેમ્બરમાં પોલિએસ્ટર મધર યાર્ન અને મોનો યાર્ન વપરાશકર્તા વિવર્સનો મોરચો, કાનૂની સહયોગ આપવા માંગ

વિવર, નિટર્સ, ટેક્સ્ચ્યુરાઇઝર્સ 6 સભ્યોની કમિટી કાનૂની કાર્યવાહીનો નિર્ણય લેશે

વિવિંગ ઉદ્યોગ વતી કાનૂની જંગ માટે ખર્ચ કોણ કરશે એને લઈ વિવર્સ અને ચેમ્બરના કારભારીઓ વચ્ચે બોલાચાલી થઈ

સુરત: સુરતની યાર્ન ઉત્પાદક કંપનીએ પોલિએસ્ટર મધર યાર્ન અને મોનો યાર્ન પરથી QCO હટાવી લેવાના કેન્દ્ર સરકારના નિર્ણયને ગુજરાત હાઇકોર્ટમાં પડકાર્યો હતો. જેમાં તા.6 એપ્રિલે ચૂકાદો આપતા ગુજરાત હાઇકોર્ટે કેન્દ્ર સરકારના ક્વોલિટી કંટ્રોલ ઓર્ડર રદ કરવાના આદેશ સામે મનાઈ હુકમ આપ્યો છે. વચગાળાના આ હુકમ પછી બાકીના યાર્ન પર પણ QCO રદ કરવાના નિર્ણય સામે મનાઈ હુકમ મળી શકે છે.એ અંગે સુરતનો વિવિંગ ઉદ્યોગ ચિંતિત છે.

આ મુદ્દે અગ્રણી વિવર્સ, નિટર્સ અને ટેક્સ્ચ્યુરાઈઝર આજે ચેમ્બરમાં પહોંચ્યા હતા અને તેઓએ કાનૂની જંગમાં વિવર્સને કાનૂની લડાઈમાં સાથ આપવા માંગ કરી હતી. સૂત્રોના

...અનુસંધાન પાના 5 પર

ફીઆસવીના ચેરમેન સ્વ.ભરત ગાંધીની ગેરહાજરીમાં સુરતના મુઠ્ઠીભર સ્પિનર્સ સાધન સંપન્ન અને એક સંપ થઈ DGTR અને હાઇકોર્ટમાં અસંગઠિત વિવર્સને કાનૂની જંગમાં એક પછી એક માત આપી રહ્યાં છે.સૂત્રોના જણાવ્યા મુજબ આજે ચેમ્બરમાં યોજાયેલી બેઠકમાં કારભારીઓ ગુજરાત હાઇકોર્ટમાં વિવર્સ તરફે વળતો દાવો કરવા કાનૂની ખર્ચ કોણ કરશે?વીએને લઈ વિવિંગ ઉદ્યોગના અગ્રણી સાથે બોલાચાલી થઈ હતી.એક અગ્રણીએ ચોપડાવ્યું હતું કે,આ મિટિંગ ખર્ચ કોણ કરશે એ માટે બોલાવી છે? ચેમ્બરમાં બહુમતી સભ્યો વિવર્સ હોવાથી ટેક્સટાઇલના પ્રદર્શન થકી સારી આવક થાય છે.અત્યારે મંદી હોવાથી કાનૂની લડતનો ખર્ચ વિવિંગ સંગઠનો પર નાખવાને બદલે ચેમ્બરે ઉપાડવો જોઈએ. જોકે સૂત્રોના જણાવ્યા મુજબ ચેમ્બરના ઉપપ્રમુખ અશોક જીરાવાળા એ વધુ વિવાદ ન થાય એ માટે કહે છે કે, 6 આગેવાનોની કમિટી બનાવી નિર્ણય લેવાની વાત કરી મામલો થાળે પાડ્યો હતો.આ મામલે જીરાવાળાનો સંપર્ક કરતા તેઓએ કોઈપણ પ્રકારની પ્રતિક્રિયા આપવા ઇનકાર કર્યો હતો.

મુંબઈ પછી પારસીઓની બીજા ક્રમની વસતી ધરાવતા

સુરતમાં છેલ્લા ચાર દાયકાથી એકપણ પારસી કોર્પોરેટર નથી !

પારસી સમાજમાંથી છેલ્લે 1980માં રાંદેરના ફરામરોશ પસ્તાગીયા ચુંટાયા હતા

ખ્રિસ્તી સમાજમાંથી પણ છેલ્લે 1987માં ડો. જ્યોર્જ સોલંકી કોર્પોરેટર તરીકે ચુંટાયા હતા

વ્હોરા સમાજમાંથી પણ છેલ્લે 2005માં ફાતિમા ચશ્મીવાલા કોર્પોરેટર તરીકે ચુંટાયા હતા

છેલ્લા પાંચ વર્ષથી તો મુસ્લિમ સમાજનો પણ એકપણ કોર્પોરેટર નથી, આ વખતે શું થાય તે જોવું રહ્યું !

સુરત: ભારત દેશની મિનિ પ્રતિકૃતિ જોવી હોય તો સુરત શહેરને જોવું જોઈએ કે જ્યાં દરેક કોમના લોકો રહે છે. તેમાં પણ સુરતમાં ભૂતકાળમાં જ્યારે ચૂંટણી થતી હતી ત્યારે મુખ્ય ગણાતી હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી, વ્હોરા અને પારસી કોમના વ્યક્તિઓ કોર્પોરેટર તરીકે ચૂંટાતા હતા. જોકે, છેલ્લા કેટલાક વર્ષોથી એવું થયું છે કે સુરત મહાપાલિકાની ચૂંટણીમાં ધીરેધીરે એક પછી એક લઘુમતી કોમનું પ્રતિનિધિત્વ નાબુદ થતું રહ્યું છે. મુંબઈ પછી સૌથી વધુ પારસીઓ સુરત શહેરમાં વસે છે પરંતુ સુરત શહેરમાં છેલ્લા 40 વર્ષથી કોઈપણ પારસી કોર્પોરેટર નથી. આજ રીતે સુરત શહેરમાં છેલ્લા 33 વર્ષથી એકપણ ખ્રિસ્તી કોર્પોરેટર પણ નથી. વ્હોરા સમાજમાંથી પણ છેલ્લા 16 વર્ષથી કોઈપણ કોર્પોરેટર નથી અને છેલ્લા પાંચ વર્ષથી તો એકપણ મુસ્લિમ પણ સુરત મહાપાલિકામાં કોર્પોરેટર નથી.

ખરેખર સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં દરેક કોમ કે પછી સમાજનો પ્રતિનિધિ હોવો જોઈએ પરંતુ સુરત શહેરમાં તેવી સ્થિતિ

...અનુસંધાન પાના 5 પર

૧૭મી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

જિંદગી મળવી એ નસીબ છે, મૃત્યુ એ જીવનનું સત્ય છે.
મૃત્યુ પછી સૌના જીવનમાં જીવતા રહેવું એ જિંદગીમાં કરેલા કર્મનું પરિણામ છે. મરણ કરતા સ્મરણ બળવાન છે.
અમારા માટે આપનું સ્મરણ એક વરદાન છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. દક્ષાબેન
હરીશભાઇ પટેલ
નિધન : ૧૦-૦૪-૨૦૦૯

લિ. હરીશભાઇ સી. પટેલ
શીતલ જીગર શાહ (પુત્રી)
મૃગાંક એચ. પટેલ (પુત્ર)
નિધિ એમ. પટેલ (પુત્રવધૂ)

અવસાન,બેસણું,શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹ ૪૫૦૦/-	₹ 3000/-	₹ ૫૨૦૦/-

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

સુરતી મોટ વણિક દુ:ખદ અવસાન

સ્વ. નિર્મળાબેન
છગનલાલ ખાટીવાળા
સ્વ. તા. ૦૯/૦૪/૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી
નિર્મળાબેન છગનલાલ ખાટીવાળાનું
તા.૯/૦૪/૨૦૨૬ ના રોજ
દુ:ખદ અવસાન થયેલ છે.
સદ્ગતની સ્મશાનયાત્રા અમારા નિવાસસ્થાનેથી તા.૧૦/૦૪/૨૦૨૬ને શુક્રવારના રોજ સવારે ૮.૦૦ કલાકે રામનાથ ઘેલા, ઉમરા, સુરત મુકામે જશે.
સદ્ગતનું પાથરણું
તા.૧૦/૦૪/૨૦૨૬ને શુક્રવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.
લૌકિક રિવાજ બંધ છે.
નિવાસસ્થાન: ૩૧, આશીર્વાદ કુંજ સોસાયટી, સોહમ સર્કલ ચાર રસ્તા, ગોકુલ વાટિકાની ગલીમાં, અલથાણ, સુરત
મો. ૯૯૦૬૦ ૧૮૫૮૦, ૯૮૨૫૪ ૫૩૦૭૧

લિ. સ્વ. છગનલાલ છોટાલાલ ખાટીવાળા
સ્વ. હિતેશભાઈ (દિલીપભાઈ) છગનલાલ ખાટીવાળા (પુત્ર)
ગં. સ્વ. સ્મિતાબેન હિતેશભાઈ ખાટીવાળા (પુત્રવધુ)

સ્વ. દિપકભાઈ છગનલાલ ખાટીવાળા (પુત્ર) ગં. સ્વ. જયશ્રીબેન દિપકભાઈ ખાટીવાળા (પુત્રવધુ)
અશોકભાઈ છગનલાલ ખાટીવાળા (પુત્ર) આશાબેન અશોકભાઈ ખાટીવાળા (પુત્રવધુ)
રાજેશભાઈ છગનલાલ ખાટીવાળા (પુત્ર) નયનાબેન રાજેશભાઈ ખાટીવાળા (પુત્રવધુ)
હિતેશ દિપકભાઈ ખાટીવાલા (પૌત્ર) હેમાલી હિતેશ ખાટીવાળા (પૌત્રવધુ)
જેનિશ રાજેશભાઈ ખાટીવાલા (પૌત્ર) સંધ્યા જેનિશ ખાટીવાલા (પૌત્રવધુ)

સમસ્ત ખાટીવાળા પરિવાર

પાંચમી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

સ્વ.રમેશભાઈ
છનિયાભાઈ પટેલ
જ.તા. ૦૧-૦૬-૧૯૫૮
સ્વ. તા. ૧૦-૦૪-૨૦૨૧

લાખો લડાવી લાડ જેણે પ્રેમથી મોટા કર્યા એ પપ્પાની મીઠી છાયા ક્યાંય જગમાં ન મણે, હૈયુ રડે, નયનો રડે ને રડી રહ્યા સંતાનો એ આંસુડાને લુછનાર માયાળુ પિતા ક્યા મળે, જેણે તડકો વેઠી શૂન્યમાંથી સર્જન કર્યું તે પિતા ના દિવ્ય આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે એ જ પ્રભુને પ્રાર્થના.. ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

લિ. ગં.સ્વ.મંજુલાબેન રમેશભાઈ પટેલ
રોબિનભાઈ રમેશભાઈ પટેલ | મોનિકાબેન રોબિનભાઈ પટેલ
મુકેશભાઈ ઠાકોરભાઈ પટેલ | મિતાલીબેન મુકેશભાઈ પટેલ
જેનિશ રમેશભાઈ પટેલ
પ્રિત,ભવ્યા,નાયરા,કુંજ તથા સમસ્ત પરિવાર
સ્થળ: ખેડવાયા સ્ટ્રીટ, નવા મગદલ્લા, સુરત(સીટી).

છઠ્ઠી પુણ્યતિથિ શ્રદ્ધાંજલિ

સ્વ.બાલુભાઈ
દેવાભાઈ પટેલ
સ્વ. તા. ૧૦/૦૪/૨૦૨૦
માજી ધારાસભ્ય ઓલપાડ
માજી ઓલપાડ તાલુકા પંચાયત પ્રમુખ

પરિવાર જેનું મંદિર હતું,સ્નેહ જેની શક્તિ હતી
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું. પરમાર્થ જેની ભક્તિ હતી ધર્મ કદી ભૂલ્યા નહી,વ્યવહાર કદી ચૂક્યા નહીં પરિવાર માટે કૂલો પાથરી ગયા,એવાં દિવ્યા આત્માને છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે ભાવભીની શ્રદ્ધાંજલિ.....

લિ. વિનોદભાઈ બાલુભાઈ પટેલ(પુત્ર)
હિમાંશુભાઈ ઠાકોરભાઈ પટેલ
સ્નેહલભાઈ બાલુભાઈ પટેલ(પુત્ર)
રાહુલભાઈ બાલુભાઈ પટેલ(પુત્ર)
તથા સમસ્ત પરિવારજન

મુપો.માસમા,તા.ઓલપાડ,જી.સુરત

૭મી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ

સ્વ. લક્ષ્મીબેન ઈશ્વરભાઈ પટેલ
સ્વ. ૨૦૭૫ ચૈત્ર સુદ પાંચમ તા. ૧૦/૦૪/૨૦૧૯

તું હતી તો ઘર ખરેખર ઘર હતું માં, એક મીઠું આંગળે સરોવર હતું માં, ધોમ ધકતા તાપ સામે ઢાલ જેવું, એક માથે વાદળ ઝરમર હતું માં, સાવ ખાલીખમ હતું પણ, તું હતી તો ખોરડું પગભર હતું માં, યાતના વચ્ચે મલકતું ને હરખતું, મુખડું તારું મનહર હતું માં, મહીના ગયા, વર્ષો ગયા મન હજી માનતું નથી કે તારું બસ હોવાપણું જ સરભર હતું માં, પ્રભુ આપની દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

મનહરભાઈ ઈશ્વરભાઈ પટેલ
સંજયભાઈ ઈશ્વરભાઈ પટેલ
પિનલભાઈ નટવરભાઈ પટેલ
પુરવ મનહરભાઈ પટેલ
અલક સંજયભાઈ પટેલ

લિ. મિનાક્ષીબેન મનહરભાઈ પટેલ
તેજલબેન સંજયભાઈ પટેલ
મનીષાબેન પિનલભાઈ પટેલ
એની પુરવભાઈ પટેલ
ધ્વની અલકભાઈ પટેલ

ધૃતિ, સેતલ, ચેમ્પ, શ્લોક, શુભ તથા સમસ્ત પરિવાર
સ્થળ : પાદર સ્ટ્રીટ, મગદલ્લા, મેઈન રોડ, સુરત.